જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૪/૨૦૧૮ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૭૯૫ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૦૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૭૬૪/૧૮**

**સોલા હાઇકોર્ટ :** જશોદાબહેન બાબુલાલ સોલંકી(ઉ.વ.૭૨)(રહે,તક્ષશીલા એપાર્ટમેન્ટ, ગૃહમંત્રી આવાસ યોજના ના મકાનમાં, બાગબાન ચાર રસ્તા પાસે, થલતેજ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે થલતેજ બાગબાન પાર્ટી પ્લોટ, એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીક બે અજાણ્યા ઇસમો (૨૦ થી ૩૦ વર્ષના આશરાના) જશોદાબહેનને વાતોમા લાવી, યુક્તિ પ્રયુક્તિ વાપરી જશોદાબહેને પહેરેલ સોનાના દાગીના કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાના ઉતરાવી લઇ, જશોદાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૭૬૫/૧૮**

**વેજલપુર :** અનીશહુસેન સ/ઓ રોશનઅલી ભોજાણી (રહે,અમીન એપાર્ટમેન્ટ હાજીબાવાની દરગાહ પાસે જફ ડેરીની બાજુમાં જુહાપુરા) એ તા.૧૯/૪/૧૮ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૪/૧૮ ના કલાક ૯/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના બંધ મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોનાનાં દાગીના કુલ રૂપિયા ૫૬,૨૫૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.બી.લાખણોત્રા ચલાવે છે.

**કાલુપુર:** મોહમંદજુનેદ અબ્દુલઅઝીઝ પટની (રહે,ત્રીજો માળ, સાનીયા એપાર્ટમેન્ટ, સોદાગરની પોળ, કાલુપુર) એ કાલુપુરપોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૪/૧૮ રાતના ૮/૪૫ થી તા.૧૯/૦૪/૧૮ ના કલાક ૧૦/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમાં આવેલ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એમ.તડવી ચલાવે છે.

**સરદારનગર :** નાશીરભાઇ ઇસ્માઇલભાઇ મોમીન (રહે,દરીયાપુર બલુચાવાડ કંકોરી ની પાછળ) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૪/૧૮ ના કલાક ૭/૩૦ થી તા.૧૯/૦૪/૧૮ સવારના ૧૧/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન અજંતાઇલોરા કોમ્પ્લેક્ષ ગેલેક્ષી સિનેમા સામે આવેલ પોતાની દુકાન નં. ૩ના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાં મુકેલ રોકડ રૂપિયા ૧,૯૬,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

<u>**આત્મહત્યાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૭૬૭/૧૮**</u>

**ચાંદખેડા :** મેઘાબેન વા/ઓ રવિભાઇ વડેસિયા (ઉ.વ.૨૫)(રહે,શ્યામ રેસીડેન્સી મોટેરા ચાંદખેડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૧૮ સાંજના ૪/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સાબરમતી પુખરાજ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**નરોડા :** સત્યેંદ્રકુમાર અંબાલાલ પ્રજાપતિ (ઉ.વ.૪૮)(રહે,અશ્વમેઘ સોસાયટી, નવા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૧૮ બપોરના ૨/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

**ગોમતીપુર :** હરનીશ સ/ઓ બાબરભાઈ ઠાકોર (ઉ.વ.૨૪)(રહે,જૈન દેરાસર વાસ, ભોગીલાલની ચાલીના સામે ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૧૮ ના કલાક ૧૧/૩૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લાકડાના મોભ સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. બી.કે.ભુનાતર ચલાવે છે.

**મેઘાણીનગર :** નેહાકુમારી ડો/ઓ ભુરેસીગ ચૌહાણ (ઉ.વ.૧૭)(રહે,સુન્દરસીગની ચાલી, ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૧૮ ના કલાક ૦૦/૦૦ થી સવારનાં ૭/૧૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સાગરભાઇ ખુમાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.